| | | | | | |
|---|---|---|---|---|---|
| GJSN050005612020 | | દાખલ થયા તારીખ: | ૧૩/૧૦/૨૦૨૦ | | |
| | | રજુ કર્યા તારીખ: | ૧૩/૧૦/૨૦૨૦ | | |
| | | ફેસલ કર્યા તારીખ: | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| | | સમય મર્યાદા | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૫ | ૦૪ | ૨૫ |

**ચોટીલાના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મું. ચોટીલા.**

**ફોજદારી કેસ નં.૩૯૩/૨૦૨૦**

**આંક – ૩૨**

**<u>ફરિયાદી:–</u>** શ્રી સ ર કા ર

**––– વિરૂધ્ધ–––**

**<u>આરોપી:–</u>** **ગોગનભાઈ પાંચાભાઈ હુલવા, ઉ.વ.આ.૨૬,**
રહે.બળેજ ભુવા કેડા નેશ, તા.જી.પોરબંદર.

=====================================================

**ગુન્હો:– ઈ.પી. કો. કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ.**

=====================================================

ફરિયાદપક્ષ તરફે :: વિ.એ.પી.પી.શ્રી સી.પી. જોશી તથા
વિ.એ.પી.પી.શ્રી એસ.જે.ચૌહાણ.

આરોપી પક્ષ તરફે :: વિ.વકીલ શ્રી એમ.એસ.ચાવડા.

=====================================================

**<u>–:: ચૂકાદો ::–</u>**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકી હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૨/૦૨/૨૦૨૦ ના રાત્રીના સાડા આઠ પોણા નવેક વાગ્યાના સુમારે રાજકોટ ચોટીલા એન.એચ.૪૭ રોડ ઉપર નાની મોલડી ગામના પાદરમાં

રાજકોટ તરફ જતા રોડ ઉપર પોતાના હવાલાવાળી ટ્રક નં.જી.જે.૨૫ યુ.૯૧૧૭ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી મોટર સાયકલ નં.જી.જે.૦૩ એલ.એલ.૫૩૬૮ ને હેડફેટે લઇ ફરીયાદીના વચેટ દિકરા મુકેશભાઇ ઉ.વ.૨૫ ને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજા કરી મોત નીપજાવેલ હોય**, ઇ. પી. કોડની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યા અંગેની ફરીયાદ, ફરીયાદીએ **ચોટીલા** પો.સ્ટે.માં નોંધાવતા પો.સ્ટે.ના અધિકારીએ ફરિયાદીની ફરિયાદ ગુના રજી. નં.૧૧૨૧૧૦૦૯૨૦૦૦૨૬/૨૦૨૦ થી નોંધી ગુનાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીને સમન્સની બજવણી થતાં તે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ની જોગવાઇ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીને આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક–૦૪ થી ગુન્હા અંગે કબુલાતની પૃચ્છા બાબતની પ્લી નોંધતા આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઇન્કાર કરેલ, જેથી કેસ ફરિયાદ પક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

**૩.** ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનામાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા:–</u>**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | સાહેદ મનુભાઇ ભીખાભાઇ સાગઠીયાની જુબાની |
| ૨ | ૦૯ | પંચસાહેદ મહેશભાઇ મેઘાભાઇ મકવાણાની જુબાની |
| ૩ | ૧૧ | પંચસાહેદ અશોકભાઇ પાલાભાઇ પરમારની જુબાની |
| ૪ | ૧૩ | સાહેદ વાલાભાઇ નાગજીભાઇ સાગઠીયાની જુબાની |
| ૫ | ૨૯ | ત.ક.અ. કેતનભાઇ હરીભાઇ ચાવડાની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવા:–</u>**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૮ | ફરિયાદ |
| ૨ | ૧૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૨ | મરણોત્તર પંચનામું |
| ૪ | ૩૦ | તપાસનો હુકમ |

**૪.** ફરિયાદપક્ષ તરફથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ ન થતા ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત રજૂ પુરાવા પરથી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ.

**૫.** આ કામના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દાઓ ::</u>**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૨/૦૨/૨૦૨૦ ના રાત્રીના સાડા આઠ પોણા નવેક વાગ્યાના સુમારે રાજકોટ ચોટીલા એન.એચ.૪૭ રોડ ઉપર નાની મોલડી ગામના પાદરમાં રાજકોટ તરફ જતા રોડ ઉપર પોતાના હવાલાવાળી ટ્રક નં.જી.જે.૨૫ યુ.૯૧૧૭ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી મોટર સાયકલ નં.જી.જે.૦૩ એલ.એલ.૫૩૬૮ ને હેડફેટે લઈ ફરીયાદીના વચેટ દિકરા મુકેશભાઈ ઉ.વ.૨૫ ને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા કરી મોત નીપજાવેલ હોય, **ઈ. પી. કોડની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**૭. <u>:: નિર્ણય અંગેના કારણો ::</u>**

**<u>મુદ્દા નં.૧</u>**

**(૭.૧)** સદરહુ કામે આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાના પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે કે, ફરીયાદ મુજબનો અકસ્માતનો બનાવ આરોપીની પુરઝડપ અને ગફલતભરી રીતે વાહન ચલાવવાના કારણે બનેલો હતો.

**(૭.૨)** ફરીયાદપક્ષ તરફે ફરીયાદ મુજબનો બનાવ પુરવાર કરવા સારૂ આ કામના **સાહેદ મનુભાઇ ભીખાભાઇ સાગઠીયા નાઓને આંક–૦૭ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે ચાર વર્ષ અગાઉ બનેલો. તે વખતે હુ મારા ઘરે હાજર હતો ત્યારે મારા પિતાજીનો મારા પર ફોન આવેલો અને મને જણાવેલ કે, મારા પિતાજી અને મારો કુટુંબી ભાઇ યોગેશભાઇ તથા મારો નાનો ભાઇ મુકેશભાઇ બે અલગ અલગ મો.સા.મા મોટી મોલડીથી અમારા ગામ જાનીવડલા આવતા હતા ત્યારે મારો ભાઇ મુકેશ અમારુ મો.સા. નં. જી.જે.૦૩ એલ.એલ.૫૩૬૮ વાળુ લઇ અને તેની પાછળ મારા પિતાજી અને મારો કુટુંબી ભાઇ યોગેશભાઇ બીજા એક મો.સા. પર આવતા હતા. ત્યારે નાની મોલડી ગામ પાસે હાઇવે રોડ પર ચડતા ચોટીલા તરફથી રાજકોટ તરફ જતા રોડ પર નાની મોલડી ગામના પાદરમાં રોડ ઉપર મારા ભાઇ મુકેશનુ એકસીડન્ટ થયેલ છે અને તેને ચોટીલા સરકારી દવાખાને લાવીએ છીએ તેવી વાત કરતા હુ ચોટીલા સરકારી દવાખાને આવેલ ત્યા ડો.સાહેબે તેને મરણ જાહેર કરેલ. ત્યા મારા ભાઇની લાશનુ પી.એમ. કરી લાશ અમોને સોપેલ. આ એકસીડન્ટ કોને કરેલ તેની મને ખબર નથી. બનાવ બાબતે મારા પિતાજીએ ફરીયાદ આપેલી. મારા પિતાજી મરણ ગયેલા છે. હુ તેમના અંગુઠાના નિશાનને ઓળખુ છુ. મને રેકર્ડમાથી ફરીયાદ બતાવવામા આવે છે

તેમા મારા પિતાજીના અંગુઠાનુ નિશાન છે. જે ફરીયાદ આંક–૦૮ થી રજુ છે. સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી. પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલો નથી. એ વાત ખરી છે કે અકસ્માત કોની ભુલના કારણે બનેલો તેની મને ખબર નથી.

**(૭.૩)** ફરીયાદપક્ષ તરફે ફરીયાદ મુજબનો બનાવ પુરવાર કરવા સારૂ આ કામના **પંચસાહેદ મહેશભાઈ મેઘાભાઈ મકવાણાને આંક–૦૯ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આજથી ચાર વર્ષ અગાઉ પોલીસે મને એક પંચનામામાં સહી કરવાનું કહેતા મેં સહી કરી આપેલ. પંચનામાની હકીકત અમો કાંઈ જાણતા નથી. તેમ જણાવી **આંક–૧૦** વાળા બનાવવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. સદર પંચસાહેદ પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા સદર પંચ સાહેદો સદર પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી. **સદર પંચ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

**(૭.૪)** ફરીયાદપક્ષ તરફે ફરીયાદ મુજબનો બનાવ પુરવાર કરવા સારૂ આ કામના **પંચસાહેદ અશોકભાઈ પાલાભાઈ પરમારને આંક–૧૧ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આજથી ચાર વર્ષ અગાઉ પોલીસે મરણ જનાર મુકેશભાઈ ભીખાભાઈ સાગઠીયા ઉ.વ.૨૫ રહે.જાની વડલા, તા.ચોટીલા વાળાની લાશનુ મરણોતર પંચનામુ કરી લીધેલ અને તે તૈયાર પંચનામામાં મારી સહી કરવાનુ કહેતા મે તેમાં સહી કરેલી. પંચનામાની હકીકત અમો કાંઈ જાણતા નથી. તેમ જણાવી **આંક–૧૨** વાળા મરણોતર પંચનામામાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. સદર પંચસાહેદ પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય

વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા સદર પંચ સાહેદો સદર પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી. **સદર પંચ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.**

**(૭.૫)** ફરીયાદપક્ષ તરફે ફરીયાદ મુજબનો બનાવ પુરવાર કરવા સારૂ આ કામના **સાહેદ વાલાભાઈ નાગજીભાઈ સાગઠીયા નાઓને આંક–૧૩ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે ચાર વર્ષ અગાઉ બનેલો. તે વખતે હુ મારા ઘરે હાજર હતો ત્યારે મારા ભાઈ ભીખાભાઈનો મારા પર ફોન આવેલો અને મને જણાવેલ કે, મારા ભાઈ તથા યોગેશભાઈ તથા તેનો દિકરો મુકેશભાઈ બે અલગ અલગ મો.સા.મા મોટી મોલડીથી અમારા ગામ જાનીવડલા આવતા હતા ત્યારે તેમના દિકરા મુકેશ તેમનુ મો.સા. નં. જી.જે.૦૩ એલ.એલ.૫૩૬૮ વાળુ લઈ અને તેની પાછળ મારો ભાઈ તથા યોગેશભાઈ બીજા એક મો.સા. પર આવતા હતા. ત્યારે નાની મોલડી ગામ પાસે હાઈવે રોડ પર ચડતા ચોટીલા તરફથી રાજકોટ તરફ જતા રોડ પર નાની મોલડી ગામના પાદરમાં રોડ ઉપર તેમના દિકરા મુકેશનુ એકસીડન્ટ થયેલ છે અને તેને ચોટીલા સરકારી દવાખાને લાવીએ છીએ તેવી વાત કરતા હુ ચોટીલા સરકારી દવાખાને આવેલ ત્યા ડો.સાહેબે તેને મરણ જાહેર કરેલ. ત્યા તેમના દિકરા મુકેશભાઈની લાશનુ પી.એમ. કરી લાશ અમોને સોપેલ. આ એકસીડન્ટ કોને કરેલ તેની મને ખબર નથી. બનાવ બાબતે મારા ભાઈએ ફરીયાદ આપેલી. મારા ભાઈ મરણ ગયેલા છે. સદર સાહેદ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી. પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલો નથી. એ વાત ખરી છે કે અકસ્માત કોની ભુલના કારણે બનેલો તેની મને ખબર નથી.

**(૭.૬)** ફરીયાદપક્ષ તરફે ફરીયાદ મુજબનો બનાવ પુરવાર કરવા સારૂ

આ કામના **ત.ક.અમલદાર કેતનભાઈ હરીભાઈ ચાવડા નાઓને આંક–૨૯ થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૦ ની સાલમાં ચોટીલા પો.સ્ટે.ખાતે પો.સ.ઈ.તરીકે ફરજ બજાવતો હતો તે વખતે તા.૦૩/૦૨/૨૦૨૦ ના રોજ ફરિયાદી ભીખાભાઇ જેહાભાઈ સાગઠીયા રહે.જાનીવડલા, તા.ચોટીલા નાઓએ મારા રૂબરૂ એક ફરિયાદ નોંધાવેલ જે અમોએ ચોટીલા પો.સ્ટે. ગુ.ર.નં.૨૬/૨૦૨૦ થી ઈ.પી.કો.કલમ ૨૭૯, ૩૦૪(એ) તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ નોંધેલ. મને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે, તેમાં ફરિયાદીની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હુ ઓળખુ છું જે આંક–૩૦ થી રજુ કરેલ છે. ત્યારબાદ આગળની તપાસ અમોએ સંભાળી તા. ૦૩/૦૨/૨૦૨૦ ના રોજ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ જે આંક–૧૦ થી રજુ છે તે જ છે તેમાં મારી તથા બે પંચોની સહી છે જે હુ ઓળખુ છું. ત્યારબાદ તા.૦૨/૦૨/૨૦૨૦ ના રોજ ચોટીલા સી.એચ.સી.ખાતે લાશનું ઇન્કવેસ્ટ પંચનામું કરેલ જે આંક–૧૨ થી રજુ છે તે જ છે તેમાં મારી તથા બે પંચોની સહી છે જે હુ ઓળખુ છું. ત્યારબાદ અમોએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપી સામે પુરતો પુરાવો હોય, ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયે ઓળખુ છુ જે આજરોજ ના.કોર્ટમાં હાજર જણાતા નથી. આરોપી તર્ફે મુક્તિ રીપોર્ટ હોય ઓળખ અંગે તકરાર નથી. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, તૈયાર પંચનામામાં પંચોની સહી લીધેલી તથા સાહેદોના નિવેદનો બનાવને અનુરૂપ જાતે નોંધી લીધેલા. એ વાત ખરી છે કે, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા ને.હા. છે અને વાહનોની સત્તત અવર જવર રહે છે.

૮. આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના ફરીયાદી મરણ ગયેલ હોવાની આંક–૦૬ પુરશીશ રજુ કરી માર્ક–૬/૧ થી ફરીયાદીનો મરણ દાખલો રજુ થયેલ છે. આ કામે આંક–૦૭ થી ફરીયાદીના પુત્ર સાહેદ મનુભાઇ ભીખાભાઇ

સાગઠીયાને તપાસેલ છે જેઓ બનાવ વખતે ઘરે હોવાનુ અને તેમને ફોનથી બનાવની જાણ થયેલ હોવાનુ જણાવે છે સદર સાહેદ પોતાની ઉલટ તપાસમાં બનાવ નજરે જોયેલ હોવાનો ઈન્કાર કરે છે તેમજ અકસ્માત કોની ભુલના કારણે બનેલ તેની તેમને જાણ નહી હોવાનુ જણાવે છે. વધુમાં આ કામે આંક-૧૩ થી સાહેદ વાલાભાઈ નાગજીભાઈ સાગઠીયાને તપાસેલ છે જેઓ પણ બનાવ વખતે ઘરે હોવાનુ અને બનાવ તેમણે નજરે જોયેલ નહી હોવાનુ તેમજ અકસ્માત કોની ભુલના કારણે બનેલ તેની તેમને ખબર નહી હોવાનુ જણાવતા હોય સદર સાહેદોના પુરાવા પરથી ફરીયાદ હકીકતને સમર્થન મળતુ હોવાનુ જણાય આવતુ નથી. વધુમાં આ કામે આંક-૨૯ થી ત.ક.અમલદાર કેતનભાઈ હરીભાઈ ચાવડાને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ ફરીયાદીની ફરીયાદ નોંધ્યા બાદ તેમને તપાસ મળતા બનાવવાળી જગ્યાનુ પંચનામું તેમજ ઈન્કવેસ્ટ પંચનામું કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ હોવાનુ જણાવે છે પરંતુ ત.ક.અમલદારે આરોપી બનાવ વખતે વાહન પુરઝડપે કે ગફલતભરી રીતે ચલાવતા હતા તેવુ તેમની તપાસમાં ખુલવા પામેલ હોય તેવુ રેકર્ડ પર લાવેલ નથી. વધુમાં બનાવ વખતે આરોપી જ અકસ્માત કરનાર વાહન ચલાવતા હતા તે પણ રેકર્ડ પર આવેલ નથી. તેવા સંજોગોમાં સદરહુ ફરીયાદીના પુરાવાના આધારે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

૯. વધુમાં,ક્રિમિનલ જયુરીશપ્રુડન્સ મુજબ તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૦૪ મુજબ ફરીયાદ પક્ષનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની હોય છે અને ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ પોતાના વિશ્વાસપાત્ર અને સજજડ પુરાવાથી વાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આરોપી પોતે નિર્દોષ છે તેવુ સાબિત કરવાનો નકારાત્મક બોજો નાખી શકાય નહી. આ કામે અકસ્માત થયેલ પુરાવા માત્રથી ફરીયાદપક્ષનો કેસ સાબિત થયેલ ગણી શકાય નહી. આરોપી પોતે નિર્દોષ છે તેવુ સાબિત કરવાનું આરોપીને ફરજ પાડી શકાય નહી.

**૧૦.** આમ, આ કામે તપાસેલ ફરીયાદપક્ષના પુરાવા પરથી આ કામના આરોપીએ તા.૦૨/૦૨/૨૦૨૦ ના રાત્રીના સાડા આઠ પોણા નવેક વાગ્યાના

સુમારે રાજકોટ ચોટીલા એન.એચ.૪૭ રોડ ઉપર નાની મોલડી ગામના પાદરમાં રાજકોટ તરફ જતા રોડ ઉપર પોતાના હવાલાવાળી ટ્રક નં.જી.જે.૨૫ યુ.૯૧૧૭ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી મોટર સાયકલ નં.જી.જે.૦૩ એલ.એલ.૫૩૬૮ ને હેડફેટે લઇ ફરીયાદીના વચેટ દિકરા મુકેશભાઇ ઉ.વ.૨૫ ને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજા કરી મોત નીપજાવેલ હોય**, ઇ. પી. કોડની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો હોવાનું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ તમામ ચર્ચા મુજબ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧.** આ કામના **ગોગનભાઈ પાંચાભાઈ હુલવા,** રહે.બળેજ ભુવા કેડા નેશ, તા.જી.પોરબંદર.નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે **ઇ.પી.કો. કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭,૧૮૪** મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૦, માંહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૦/૦૩/૨૦૨૬
ચોટીલા

(પંકિત દિશાંત દવે)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.
ચોટીલા.
(જજ કોડ નં. જીજે૦૧૬૬૦)